# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

### પ્રશ્નપત્ર-૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦ કુલ ગુણ : ૧૦૦

નોંધ : (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.

(૨) અત્રે આપેલાં પ્રસંગો અભ્યસાક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણવા.

(વિભાગ:૧ 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવન ચરિત્ર, છઠ્ઠી આવૃત્તિ, ફેબ્રુઆરી ૨૦૦૭ના આધારે)

પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)

☞ નોંધ :- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.

**૧. ઉપાસના પ્રર્વતન માટે શાસ્ત્રીજી મહારાજે સહન કરેલી ઉપાધિઓ.**

૧. ઉપાધિની શરૂઆત પ્રથમ વનવાસ : વરતાલ મંદિરમાં પગમાં સૂયો ઘોંચ્યો. ૧૦૫

૨. રાજકોટમાં વિરોધનો જુવાળ. ૧૭૦

૩. જૂનાગઢમાં સત્સંગિજીવનની કથાની પૂર્ણાહુતિમાં સિંહ ગર્જના. ૧૮૧

૪. વડોદરામાં માયાનો ઉપાડ અને બંગલો બાળવાનો પ્રયત્ન. ૨૨૬,૨૨૭

૫. ગઢડાવાળાનો રૂા. ૬૦,૦૦૦ નો આક્ષેપ. ૨૨૭

૬. ભેખધારી કોશ અને કોદાળો લઈ તમારું મૂળ ઉખેડવા કટીબધ્ધ થયા છે. ૨૩૮

૭. વઢવાણ વિરુદ્ધ મૂળીમાં સભા. ૨૩૯

૮. સારંગપુર મંદિરની મહંતાઈ છોડાવી. ૨૪૧

૯. વઢવાણમાં મૂર્તિપ્રતિષ્ઠા : પ્રથમ દિગ્વિજય, કોઠારીનો વિરોધ. ૨૪૨

૧૦. સ્વામીશ્રીની સભામાં પાણી ભરેલું માટલું, મરચાંની ધૂણી. ૨૭૨

૧૧. ખીચડીમાં ઝેર. ૨૭૫

૧૨. ધગધગતા ચૂલામાં નાખવાનો પ્રયત્ન. ૨૭૬

૧૩. આચાર્ય લક્ષ્મીપ્રસાદના આકરા શબ્દો - ઉપાધિને લીધે વડતાલથી મહાપ્રસ્થાન ૨૮૧

૧૪. બોચાસણ મૂર્તિપ્રતિષ્ઠામાં વિઘ્ન કરવા હીરામુખીને લાંચ. ૩૨૨

૧૫. અમદાવાદમાં ઉપાધિ. ૩૮૭

૧૬. સ્વામીશ્રી પાસે મોક્ષ માટે જ રહ્યો છું. માર એ તો સાધુનો શણગાર છે. ૪૦૫ થી ૪૦૭

૧૭. સારંગપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા વખતે સંઘર્ષ. ૪૨૪

**૨. ડુંગર ભક્તનાં બાળચરિત્રોમાં વ્યક્ત થતો એકાંતિક ધર્મ.**

**૧. ધર્મ :** ૧. કુટુંબના લગ્ન પ્રસંગે પણ એકાદશી કરવાનો નિયમ ન તોડ્યો. ૨૦

૨. ડેમોલમાં એકાદશી ઉપવાસ - રામાનંદી સાધુના આશીર્વાદ 'આગે બડે બડે મહાત્માઓંકા ભી ગુરુ હોગા.' ૨૬

**૨. જ્ઞાન :** ૧. પિતાશ્રી પાસે શાસ્ત્રોની કથા એક ધ્યાનથી સાંભળતા. ૨૦

૨. હું તો મહારાજને ભેળા જ લઈને આવ્યો છું. - અંધારી રાત્રે એકલા ગયેલા ડુંગર ભક્ત પિતાશ્રીને ૨૧

૩. વરતાલ મંદિરના ઓટલે લહિયાના ફેંકેલા કાગળો વાંચતા - મહેળાવ મંદિરમાં આવતા સંતો પાસેથી કથાવાર્તા શીખીને પોતે કથા કરતા. - ભણવામાં પ્રથમ જ કક્ષા મેળવવી. ૨૩

૪. મહાભારતની કથા કરી - ગિરધરકૃત રામાયણ કંઠસ્થ ૨૬

૫. વિજ્ઞાનાનંદ સ્વામી પાસે શાસ્ત્રોનો અભ્યાસ ૩૯,૪૦

૬. પિતાને આપેલો ઉપદેશ (વૈરાગ્ય-જ્ઞાન) ૪૩

૭૦૨

૩. **વૈરાગ્ય :** ૧. સાધુ થવું તેમાં પણ પ્રથમ જ કક્ષા. ૨૩
૨. બેચર ભગતને : તમે અંતરથી સાધુ થાવ-પોતાની દૃઢતા હોય તો જ કહી શકાય - ત્યાગી થવાનો સંકલ્પ દૃઢ નિશ્ચય. ૨૯
૩. કોઠારી ગોવર્ધનભાઈની માગણીનો સવિનય અસ્વીકાર કરી વિજ્ઞાનાનંદ સ્વામી પાસે. ૪૭
૪. **ભકિત :** ૧. ભગવાનની ભક્તિ વિના એક ક્ષણ પણ નિરર્થક ન જવા દેતા. -એકાદશી -પૂનમે વરતાલ દર્શને. ૨૨
૨. મહેળાવ મંદિરમાં પધારેલા આચાર્ય મહારાજને બોર ધરાવ્યાં. ૨૭
૩. કોઠારની સેવા, ભંડારની સેવા, આલોકના મોટાઈનો અનાદર - મુખ્ય ધ્યેય બ્રહ્મરૂપ થઈ મહારાજને અખંડ રાખવાનો દૃઢ નિશ્ચય. ૪૭-૪૮
૪. સમૈયામાં સેવા- સેવા અને તપની મૂર્તિ. ૪૯

### ૩. અસ્મિન સંપ્રદાયે એકમેવ : શાસ્ત્રીજી મહારાજ

મૂળ વાક્ય વિદ્યાગુરુ રંગાચાર્યનું છે. ગઢપુરમાં સ્વામીશ્રીએ જ્યારે મહિધર શાસ્ત્રીનો પરાજય કર્યો તે વખતે આચાર્ય વિહારીલાલજી મહારાજને આ જ શબ્દો તેમણે કહ્યા હતા. પણ જાણે શાસ્ત્રીજી મહારાજના વ્યક્તિત્વનું દર્શન કરાવતા હોય તેવું આ શબ્દ પરથી પ્રતીત થાય છે. ૧. વિદ્વતામાં ૨. સાધુતામાં ૩. વાતો કરવામાં ૪. પક્ષ રાખવામાં ૫. મંદિરો કર્યાં. ૬. વ્યવહાર કુશળતામાં.

**૧. વિદ્વતામાં :-** બીજા ૧૦ વર્ષમાં ભણે તેટલું ૩ વર્ષમાં ભણ્યા. મહિધર શાસ્ત્રીનો પરાજય કર્યો. તેના પુત્ર જીવણરામને સાકારપણાના સંસ્કાર દૃઢ કરાવ્યા.(૧૫૨)-રંગાચાર્યને શાસ્ત્રીજી મહારાજની વિદ્વત્તાની પ્રતીતિ. ૧૫૬

**૨. સાધુતામાં :-** કોઠારી ગોરધનદાસ કહેતા, વડતાલના ૨૦૦૦ ત્યાગીમાં યજ્ઞપુરુષદાસ જેવો સ્ત્રી-ધનનો ત્યાગી બીજો કોઈ દીઠો નથી. તેની વાતો મને સાકરના કટકા જેવી લાગે છે. અનંત ઉપાધિ મુશ્કેલીમાં અડગ ભૂંડુ ચિંતવન કરનારનું પણ ભલું ઇચ્છવું છે. (૨૭૦) અજાતશત્રુતાના પ્રસંગો લખી શકાય.

**૩. વાતો કરવામાં :-** કોઠારી જીભાઈનું પરિવર્તન, ડભોઈમાં મુરલીધરદાસનું પરિવર્તન - ગોવિંદસિંહ ચુડાસમાને ઉપાસનાનો પાયો પાક્કો કર્યો. ગઢડા, નડિયાદમાં દોલતરામ પંડ્યાને વાતો કરી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરાવી. વાંસદાના દીવાન ઝવેરભાઈને સત્સંગ કરાવ્યો. અંતર પરિવર્તન કર્યું. અમદાવાદના ૯૨ વર્ષના સાધુ કૃષ્ણસ્વરૂપદાસને ભગતજીનો મહિમા સમજાવ્યો.

**૪. પક્ષ રાખવામાં :-** કદાપિ મહોબતમાં તણાયા નથી. સત્ય વાતમાં શૂરા, સૂરતમાં ભગતજીના શિષ્યે લોટો ધોયા પછી ટાંકામાં બોળ્યો હતો છતાં ત્યાગીઓએ ખોટી ઉપાધિઓ કરી તો શાસ્ત્રીજી મહારાજે કહ્યું, ''લોટો ઊંટકેલો હતો.'' જૂનાગઢની પારાયણમાં જાગા ભક્ત અને ભગતજીનો પક્ષ રાખ્યો - દ્વારકાના શંકરાચાર્ય માધવતીર્થને જવાબ આપ્યો. વડતાલ અને અમે એક છીએ. જૂનાગઢમાં જાગા ભક્તને ઓરડે જવાની બંધી દૂર કરાવી - વડોદરામાં ગોરધનદાસ કોઠારીનું વાંકુ બોલનાર નિરન્નમુક્તદાસ તેમને ઘટિત કહ્યું ને સભામાંથી બહાર જવા કહ્યું.

**૫. મંદિરો કર્યા :-** વિપરીત સંજોગોમાં વિરોધો વચ્ચે અભૂતપૂર્વ પાંચ મંદિરો બનાવ્યાં.

**૬. સિધ્ધાંત નિષ્ઠામાં :** અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રર્વતમાન સ્વામીશ્રીની અદ્વિતિયતા. - લીમડી ઠાકોર વગેરેના પ્રસંગો. (૨૦૯)

**૬. વ્યવહારમાં કુશળતા :-** જમીનો લેવરાવી, બળદની પરીક્ષા, કોઠારી ગોરધનદાસ કહે તમે શાસ્ત્રમાં પ્રવીણ, ત્યાગ, વૈરાગ્યમાં પ્રવીણ, વ્યવહારમાં પ્રવીણ, ખેતી નથી કરી છતાં બળદની પરીક્ષામાં પ્રવીણ હવે કોઈ વાત બાકી રાખી છે કે નહિ ? નિયમ ધર્મમાં, બાંધકામમાં, આયોજનમાં, રસોઈમાં, કાયદાની આંટીઘૂંટીનું સંપૂર્ણ જ્ઞાન, ધ્યાનના અંગવાળા, ક્ષમાભાવના ઉત્કૃષ્ટ, શૂરવીરમાં શ્રેષ્ઠતા, દરેક વાતમાં એકમેવ.

**નોંધ :- વિસ્તૃતીકરણ માટે જ્યાં જે પ્રસંગો આવી શકે તેવા હોય તે ઉમેરવા. આપેલા પ્રસંગોનો પણ ગુણના પ્રમાણમાં વિસ્તાર કરી શકો છો.**

## પ્ર.૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

### ૧. અક્ષર મંદિર ગોંડળનું જમીનસંપાદન.

૧. જમીનનું નક્કી કરી સારંગપુર આવતાં સેંથળી ગામે મોટર નદીમાં ફસાઈ ગઈ. ૬૦૮
૭૦૨

૨. ભરૂચમાં નારાયણજી મહારાજે હરિભાઈ અમીનને નિયમની એકાદશીએ અક્ષર મંદિરની જમીન લઈ આપવાનો નિયમ આપ્યો. ૬૦૭
૩. અંતર્યામી સ્વામીશ્રીએ સોમા ભગતને સામે મોકલ્યા. ૬૦૮
૪. હરિભાઈએ જમીનની કિંમત બે લાખ કહી ત્યારે અંતર્યામી સ્વામીશ્રીએ તેના પચ્ચીસ હજાર કહ્યા. ૬૦૯
૫. સ્વામીશ્રીએ અક્ષરદેરીનો કહેલો મહિમા. ૬૧૦
૬. ગોંડલ નરેશ ભગવતસિંહજીની શરતો. ૬૧૦
૭. જેતલસર જંકશને હરિભાઈને થયેલા ગુણાતીતાનંદ સ્વામીના દર્શન. ૬૧૦
૮. ગુણાતીતાનંદ સ્વામી અને સ્વામીશ્રીના એક સરખા જ શબ્દોથી હરિભાઈને થયેલી ખાતરી. ૬૧૦

**૨. વિજ્ઞાનાનંદજીના યોગમાં ડુંગર ભક્ત.**

૧. સ્વામી વિજ્ઞાનાનંદના યોગમાં. (વરતાલમાં) ૩૧
૨. પિતાશ્રી તથા મથુરભાઈ ડુંગરભક્તને લેવા - તમારી રજા ચિઠ્ઠી વગર સાધુ નહિ કરીએ - આચાર્ય મહારાજે આપેલી ધીરજ. ૩૫
૩. સૂરત પ્રતિ પ્રયાણ. ૩૭
૪. શાસ્ત્ર અધ્યયનની શરૂઆત. ૩૯
૫. સુરતથી ઘેર જવા માટે વિજ્ઞાનાનંદ સ્વામીએ કરેલી આજ્ઞા. ૪૨
૬. સંવત ૧૯૩૮ ના માગશર માસમાં પિતાશ્રીની રજા ચિઠ્ઠી સાથે ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી પાસે વડોદરામાં. ૪૬
૭. આચાર્ય મહારાજ અને કોઠારી ગોરધનભાઈ સાથે રહેવાની સ્પષ્ટ ના. ૪૮
૮. વડોદરા સમૈયાની સેવામાં ડુંગર ભક્ત. ૪૯
૯. સુરત મંદિરના કોઠારની અને સ્વામીની અંગત સેવામાં. ૫૦
૧૦. સંવત ૧૯૩૯ કાર્તિક વદી પંચમીએ ડુંગર ભક્તને, વિજ્ઞાનાનંદ સ્વામીની ઈચ્છાથી દીક્ષા. ૫૩

**૩. અક્ષરપુરુષોત્તમના પ્રસારણમાં નિગુર્ણસ્વામીનો ફાળો.**

૧. નિર્ગુણદાસ સ્વામી : સંવત ૧૯૫૩માં દીક્ષા - 'રે રંગ સહીત હરિને રટીએ....' ૩૬૦,૩૬૧
૨. ખાનદેશમાં સત્સંગ પ્રચાર - વસંત પંચમીનો સમૈયો. ૪૫૫
૩. ચેડીબાઈએ અર્પણ કરેલા ઘરેણાં. ૪૫૮
૪. ઉકાળો ગળ્યો ને મોળો છે. ૪૫૯
૫. આની આપેલી માનતા કેમ ન ફળે ? ૪૬૦, ૪૬૧
૬. અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન ..... રાજીપો છે. ૫૬૯
૭. હરમાનભાઈને અક્ષરપુરુષોત્તમના જ્ઞાનના પ્રર્વતન માટે પ્રોત્સાહન ૬૩૨

**૪. શાસ્ત્રીજી મહારાજ માટે વેરાયેલા પ્રશંસાનાં પુષ્પો.**

૧. આ તમારો ભાઈ પૂર્વજન્મનો બહુ સંસ્કારી ભક્ત છે. શુકમુનિએ ઉચ્ચારેલી ભવિષ્યવાણી. ૧૬
૨. આ તમારો ભાઈ તો ત્યાગી થઈ, સાધુ થઈ, શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવશે - ગુણાતીતાનંદ સ્વામી. ૧૭
૩. આ તો કોઈ પૂર્વના યોગભ્રષ્ટ કે મુક્તાત્મા છે. નહિ તો આટલી નાની વયમાં આવી ક્રિયા હોય નહિ. - મહેળાવવાસી સૌને થતું. ૧૯
૪. આ બાળસ્વરૂપમાં કોઈ અવતારી વિભૂતિ સ્વરૂપ તો નહિ હોય - મધરાતે ખેતરે પહોંચેલા ડુંગર ભક્ત માટે પિતાશ્રી. ૨૧
૫. આ જો સાધુ થઈને મારી પાસે રહે તો મારી સમગ્ર વિદ્યાનો વારસ બને : સ્વામીશ્રી વિજ્ઞાનાનંદજી. ૩૨
૬. આ ફેરવે છે એવી માળા ફેરવતાં સૌ શીખો - આચાર્ય વિહારીલાલજી મહારાજ. ૪૩
૭. આ તો અક્ષરધામમાંથી મહારાજે જ મોકલેલા મુક્ત છે અને સમગ્ર સંપ્રદાયના છે પણ આપણા એકલાના નથી - પુત્રનો ઉપદેશ સાંભળી પિતાની થયેલી વિશાળ દૃષ્ટિ. ૪૬
૮. આ સાધુ મહાન ઈશ્વરાવતાર હોય એમ જણાય છે. આ સાધુ મહા સમર્થ અને યોગીન્દ્ર પુરુષ થશે. - વિદ્વાન જ્યોતિષી. ૫૪
૯. એ તો મારો કોડીલો લાલ છે. તે તો બેસશે. - ભગતજી મહારાજ. ૭૫

૧૦. ચરણારવિંદના પાડનાર શ્રીજીમહારાજ એને હું આપીશ. - ભગતજી મહારાજ. ૭૬
૧૧. ઓત્તારો, ભલો થાય યજ્ઞપુરુષદાસ ! ઓત્તારો ભલો થાય ! ૯૯
૧૨. હાથીની અંબાડીએ બેસે તેને રખડવું પડે છે - તલગાજરડાના પટેલ. ૧૨૬
૧૩. વાહ, યજ્ઞપુરુષદાસ ! તેં તો અંતર ઠારી દીધું - પુરાણી મોરલીધરદાસ. ૧૪૫
૧૪. તે તો ઠાકરિયો વીંછી છે. ૧૪૭
૧૫. गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ૧૫૨
૧૬. अस्मिन् संप्रदाये एकमेव । રંગાચાર્ય. ૧૫૭
૧૭. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને મારા વતી પાંચ દંડવત્ કરી જય સ્વામિનારાયણ કહેશો : શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી. ૧૫૮
૧૮. આ તો અંતર સાફ કરવાની સાવરણી છે. - ભગતજી મહારાજ. ૧૬૮
૧૯. આ શાસ્ત્રીના ઉપદેશથી તમારાં છોકરાઓને સત્સંગના સંસ્કાર થાય છે. - સ્વામી બાલમુકુન્દદાસજી. ૧૭૨
૨૦. આજથી જે જે સત્કર્મ મારાથી થાય તે બધાનું પુણ્ય તમને. - જાગા સ્વામી. ૧૭૮
૨૧. જેની કથાથી સૌને વિશેષ સમાસ થયો હોય તેની પ્રથમ પૂજા થવી જોઈએ. - શેઠ હરિલાલભાઈ. ૧૮૧
૨૨. બેય દેશમાં શાસ્ત્રીજી મહારાજ જેવા કોઈ સંત નથી. - અદાશ્રી. ૧૯૭
૨૩. યજ્ઞપુરુષદાસજી વધુ અભ્યાસ કરશે તો આગળ જતાં એક મણિ નીવડશે ને સત્સંગ દીપાવશે. - જીવણરામ શાસ્ત્રી. ૨૦૪
૨૪. વિદ્વત્તામાં યજ્ઞપુરુષદાસજી ખરેખર અજોડ છે. - શાસ્ત્રી કૃષ્ણપ્રિયદાસ. ૨૦૪
૨૫. તમને કાં તો ભગવાન મળ્યા હોવા જોઈએ, કાં તો કોઈ મોટા પુરુષ મળ્યા હોવા જોઈએ. - કમલનયન શાસ્ત્રી. ૨૦૬
૨૬. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ બહુ જ વિદ્વાન અને સાધુતાના તમામ ગુણોવાળા છે -
રંગીલદાસને ઓળખાણ આપતા માધવલાલ. ૨૦૮
૨૭. આપે મારા પર બહુ કૃપા કરી. આવા પુરુષનાં દર્શન કરાવ્યાં. - માધવલાલને રંગીલદાસ. ૨૦૮
૨૮. વરતાલના બેહજાર સાધુઓમાં શાસ્ત્રી ...... સાકરના કટકા જેવી લાગે છે. - કોઠારી ગોવર્ધનભાઈ ૨૭૦
૨૯. છોકરા ! તારામાં તેજ અપાર છે. તારામાં શ્રીજી અખંડ નિવાસ કરીને રહે એવું તારું આ સત્સંગમાં પરમ
અદ્વૈત સ્વરૂપ છે. એક એક સાધુ વાંસે લાખ લાખ મનુષ્ય ફરશે. એવો સાધુ તો હું તને દેખું છું.
- સ્વામી યોગશ્વરદાસજી. ૨૭૨
૩૦. આખા સંપ્રદાયમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસનો વિદ્વતામાં, સાધુતામાં જોટો નથી. - જગદ્‌ગુરુ શંકરાચાર્ય
માધવતીર્થ. ૩૦૪
૩૧. હીરાભાઈને સત્સંગી કરનાર શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને આજે જો ભગવત્પ્રસાદજી મહારાજ હોત તો અનેક
પ્રકારે સન્માન કરી, સત્સંગમાં મોટેરા સ્થાપી અને બે જોડ ચરણારવિંદ આપત. - કોઠારી ગોવર્ધનભાઈ. ૩૧૧
૩૨. સાધુતા અને વિદ્વતાનો સંગમ જે પુરુષમાં હોય તે અજોડ જ હોય - નર્મદાશંકરભાઈ. ૩૧૩
૩૩. સ્વામીશ્રીએ મને જીવતદાન આપ્યું છે અને એ મારા ગુરુ છે. - હીરાભાઈ. ૩૨૩
૩૪. સ્વામીશ્રી તો બહુ દયાળુ છે. મેં તો વાડી બક્ષિસ આપી છે પણ સ્વામીશ્રીએ મને રાજી કર્યો. - બોચાસણ
રામજી મંદિરનો બાવો હરિદાસ. ૩૨૮
૩૫. છાના છાના છાના રે ક્યાં સુધી રહેશો તમે છાનાં - સ્વામી મહાપુરુષદાસ. ૩૩૦
૩૬. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે આખા સંપ્રદાયની ભારે સેવા કરી છે - અદાશ્રી. ૩૩૭-૩૩૮
૩૭. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજો. - અદાશ્રી. ૩૯૧
૩૮. આ સાધુ જ્યારે આવા જ્ઞાની છે તો તેમના ગુરુ સ્વામી શાસ્ત્રીજી મહારાજ કેવા હશે ? ભાવનગરના કુબેરભાઈ. ૪૦૨
૩૯. શાસ્ત્રીજી મહારાજે મને દળના લાડુ અને ચરણારવિંદની જોડ આપી લલચાવ્યો નથી. એક મોક્ષને વાસ્તે
જ તેમની પાસે રહ્યો છું. - સાધુ પ્રેમવતીદાસ. ૪૦૭
૪૦. તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે. - વરતાલ કમિટિના સભ્ય દોલાભાઈ. ૪૧૭
૪૧. મને આજે ખરેખર આપનાં દર્શન કરતાં ગૌરવ થયું છે. - સયાજીરાવ ગાયકવાડ. ૪૫૪
૪૨. આ શાસ્ત્રીજી મહારાજમાં ભગવાન અખંડ રહ્યા છે. તેમાં મનુષ્યભાવ લાવશો તો કલ્યાણ નહિ થાય.
- હરજી ભગત. ૫૩૧
૪૩. અમારે તો સાક્ષાત્ દર્શન થાય છે એટલે એ કૂવામાં ડોકિયું કરવા ક્યાં જઈએ ? - રામચંદ્રભાઈ. ૫૭૩
૪૪. પારસ ભેટ ગયા તે અબ છોડને કા નહિ : જયપુરમાં શેઠ હરિસહાયજી. ૫૭૫
૪૫. તમે તો શાસ્ત્ર, ત્યાગ-વૈરાગ્ય, ભક્તિ, વ્યવહાર, ખેતી-બળદની પરખ વગેરેમાં પ્રવીણ છો ! હવે કોઈ
વાત બાકી રાખી છે કે નહિ ? - કોઠારી ગોર્વધનભાઈ. ૫૯૬

(વિભાગઃ ૨ 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ', સંક્ષિપ્ત જીવન ચરિત્રના આધારે તૃતીય આવૃત્તિ, નવેમ્બર૧૯૯૨ના)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (૪ થી ૫ પ્રસંગ લખવા) (કુલ ગુણ : ૧૨)**

**૧. યોગીને મન ગરીબ તવંગર એક સમાન.**

૧. ભૂજમાં ગરીબ ખેડૂતની ઝૂંપડી પાવન કરી. ૧૩૭
૨. રાજાભાઈ રાઠોડ ગરીબ હરિભક્તના ઘેર પધરામણી. ૧૩૯
૩. જેઠાભાઈ પરબવાળાની ઝૂંપડીમાં પધાર્યા - જેઠાભાઈને ધામમાં તેડી ગયા. ૧૪૦-૧૪૧
૪. સારીંગ ગામમાં ગરમીમાં પણ હરિભક્તને રાજી રાખવા પધરામણી. ૧૪૧
૫. ગરીબ સાંધાવાળાના ત્યાં બોટાદ સ્ટેશને તેની ઝૂંપડી પાવન કરી સ્ટેશન માસ્તરના ઘેર ઠાકોરજી જમાડ્યા. ૧૪૨
૬. ઈશ્વરભાઈ ભટ્ટના ઘરે તેમના પત્ની ધામમાં ગયેલ તેમને આશ્વાસન આપવા જસદણમાં મળવા ગયા. ૧૪૪
૭. આત્મારામ ભગત માટે પંખો તથા ફળની વ્યવસ્થા કરી. ૧૪૫
૮. વાઘોડિયાના ડાહ્યા ભગતને પ્રેમથી નાસ્તો અને ઉકાળો આપ્યો. ૧૫૦
૯. પેટલાદ સ્ટેશને ગાંડા જેવા માણસને પ્રસાદ મોકલાવ્યો. ૧૫૦

**૨. 'ભગવાન સૌનું ભલું કરો.' યોગીજી મહારાજની જીવનભાવના.**

૧. ઘાટકોપર સર્વોદય હોસ્પિટલમાં - બધા દર્દીઓ સાજા થઈ જાય. ૨૪૧
૨. આ તો બંડિયા છે. એમ કહે તો પણ કલ્યાણ. ૨૪૨
૩. કીર્તિ એક્સપ્રેસને ભયંકર અકસ્માત થયેલ તે જગ્યાએ અવગત પામેલ જીવોની સદ્‌ગતિ માટે તે સ્થળે જળ છંટકાવ. ૨૪૨
૪. થેમ્સ નદીમાં ઠાકોરજીને નવડાવ્યા. હવે આ નદી પવિત્ર. જે સ્નાન કરે તેનું કલ્યાણ. ૨૪૨
૫. અમરેલીની નગરયાત્રાના દર્શન કરનારનું કલ્યાણ. ૨૪૩
૬. અડાલજની વાવ બનાવવામાં સહભાગી થનાર દરેકનું કલ્યાણ. ૨૪૩
૭. વૃંદાવન ગાર્ડન બનાવનાર - ત્યાં જોવા જનાર - ત્યાંના માળી સર્વનું કલ્યાણ ૨૪૩
૮. મદ્રાસ રાયપુર દરિયામાં રહેલ જીવજંતુનું કલ્યાણ. ૨૪૩
૯. નારાયણસિંગની સો મિલમાં થાંભલા તરીકે ગોઠવેલ ઝાડનું કલ્યાણ. ૨૪૩
૧૦. સ્ટીમરમાં હરિભક્તોએ યાત્રા કરી તે દરિયાનું કલ્યાણ. આખા નૈરોબી શહેરનું કલ્યાણ. ૨૪૩
૧૧. થૂંકદાની પ્લેનમાં રહી ગઈ. તે લઈ જનારનું કલ્યાણ. ૨૪૪
૧૨. કિસુમુમાં બંગલામાંના આંબાનું કલ્યાણ. ૨૪૪
૧૩. વિકટોરીયા સરોવરના કિનારા પરના પથ્થરનું કલ્યાણ. ૨૪૪
૧૪. જ્યાં વિમાન ઉડ્યું તે નીચેની ધરતી, ત્યાં રહેનાર મનુષ્યો, જીવજંતુ બધાનું કલ્યાણ. ૨૪૪
૧૫. સ્વામીશ્રીને કરડનાર લાલ મંકોડાનો મોક્ષ. ૨૪૫
૧૬. યોગીજી મહારાજની માળા ફોલી ખાનાર ઉંદરનું કલ્યાણ. ૨૪૫
૧૭. ભાદરામાં વડના ઝાડ પરથી ચરકનાર પક્ષીનું કલ્યાણ. ૨૪૫
૧૮. સગડીમાંથી કોલસો ઊડીને સ્વામીશ્રીને ગળે. ફોલ્લો પડ્યો. તણખો ઊડ્યો તે ઝાડનું કલ્યાણ. ૨૪૬
૧૯. પટેલના ખેતરમાં દસ હજાર વર્ષથી તપ કરતાં આંબાનું કલ્યાણ. ૨૪૬

**૩. જ્ઞાનવાર્તામાં તરબોળ કરતા યોગીજી મહારાજ.**

૧. સભામાં હરિભક્ત શંભુસિંહને ઝોલું - ઝોલાંનાં પૈસા બેસે છે ? ૨૦૬
૨. અમદાવાદના હરિભક્ત અંબાલાલભાઈને 'ભલુ આવી' તે વાત પૂરી કરવાનું કહ્યું. ૨૦૭
૩. ગમે તેટલો ભીડો પડે મૂંઝાવું નહીં. આ ઉપદેશ માટે દાદાખાચરની ઘંટીમાં કાંકરાનો પ્રસંગ કહ્યો - સૂરદાસ પરાણે કથામાં આવ્યા. - હરિરસ ખારો - સત્સંગમાં રુચિ ન હોય અને પરાણે લાવીએ તો આવું થાય. ૨૦૮
૪. ભગવાન અને સંતમાં ગાઢ - અખંડ પ્રીતિ કરવાનો ઉપદેશ - દીકરાનો હાથ કમાડમાં કચરાણો - રાડ દરબારે (બાપે) પાડી. ૨૦૯
૫. સ્વામીશ્રીની વાણી, નિર્મળ, નિખાલસ, અહંભાવ રહિત.- અઢાર પરમહંસોના દૃષ્ટાંત - ૨૧૦
૬. મહામંડલેશ્વર કાશીકાનંદજીનો અભિપ્રાય - ''વાણીનો મહિમા શાસ્ત્રમાં ઘણો પણ તેનો પ્રભાવ આજે યોગીજી મહારાજને સાંભળતા પ્રત્યક્ષ થયો.'' - ઝામ્બિયાના નવા મુમુક્ષુ મિ. ઈરાનીને યોગીજી મહારાજની વાણીથી અને તેમનાં દર્શનથી દિવ્ય શાંતિ - મોમ્બાસાના આફ્રિકન ભાઈ - અંગ્રેજી, ગુજરાતી, હિન્દી ન જાણે છતાં સભામાં. ૨૧૧ ૭૦૨

૭. સ્વામીશ્રીએ એક યુરોપીયન સાથે ૧૫ મિનિટ વાત કરી. ૨૧૨
૮. 'વાતન કી વાત બડી કરામત' સૌ સ્વામીશ્રીની વાણીમાં તરબોળ - સત્સંગના પાકા રંગમાં રંગાઈ જાય. ૨૧૨

**પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. બાળપણમાં પ્રગટ થતી ઝીણા ભગતની વૈરાગ્યવૃત્તિ.**

૧. પાતળિયે ઝરે પરોઢિયે સ્નાન ધ્યાન - સમવયસ્ક સખાઓના પ્રશ્નો - છપૈયાના દર્શન. ૪
૨. બધું મેળવી પાણીની અંજલિ લઈ જમે - દૂધ ન ખાય - કમળશીભાઈના વેવિશાળ પ્રસંગે રામજીમંદિરમાં ચાલ્યા ગયા - છોકરાઓ કન્યાની વાત કરે તે સાંભળે નહિ. ૫
૩. મોટાભાઈનું બગાડ્યું હવે મારું શું કામ બગાડો છો ? - મંદિરમાં ઠાકોરજીની સેવા પૂજા કરતા. ૬
૪. નિશાળમાંથી ઉજાણીએ જતાં ઠાકોરજીને ધરાવી ભાતુ જમતા. ૮
૫. શાળામાં નવરાશના સમયે ભજન - સાદાઈ - સંતોષ - શિક્ષકોની મઝાક - સાધુ થઈ જા. ૯

**૨. જૂનાગઢમાં ઝીણા ભગતની સેવાભાવના.**

૧. 'સ્વામિનારાયણના સંતોની સેવા કરવી એ જ એમનો જીવનમંત્ર છે.' કૃષ્ણચરણદાસ સ્વામીનો ઉપદેશ ઝીણા ભગતના લોહીનો લય બન્યો. ૧૮
૨. જૂનાગઢ મંદિરની તમામ સેવામાં ઝીણા ભગત. ૧૯
૩. વૃદ્ધ સાધુ ધર્મજીવનદાસની સેવામાં. ૨૦
૪. બાલમુકુંદદાસ સ્વામી તથા વૃદ્ધ સંત માધવપ્રિયદાસની સેવામાં. ૨૧

**૩. નિર્માની યોગીરાજ**

**નિર્માની :-**

૧. 'અમારા પંચવર્તમાનમાં ફેર હોય તો તમારા જોડા લાવીને મારા માથામાં મારો.' - યોગીજી મહારાજ. ૧૦૭
૨. દાસત્વની મોટપ લેવી છે. એ મોટપ મેદાનમાં પડી છે. ૧૦૮
૩. 'મને તો પૂજાવાનો અંકુર પણ નહીં આ હું નિષ્કપટ ભાવે કહું છું.' ૧૦૮
૪. પહેલેથી સેવક ધર્મ, ગુરુ ધર્મ નહીં. ગુરુ થવું ગમે જ નહિ. ૧૦૮
૫. મને કોઈને વિષે મનુષ્યભાવ આવે જ નહીં. આપણે તો દાસાનું દાસ. ૧૦૮-૧૦૯
૬. કોઈ મને મારી ભૂલ દેખાડે તે મને બહુ ગમે. ૧૦૯
૭. ૧૪ વર્ષના ઘનશ્યામ ભગતને દંડવત્ કર્યા. ૧૦૯-૧૧૦
૮. ખુશાલ કાકાને આજ્ઞા - સાદા પાણીથી જ સ્નાન કરાવો. ૧૧૦
૯. પ્રેમી હરિભક્તે દૂધનો અભિષેક કરતાં તેવું ક્યારેય ન કરવા માટે પાણી મૂકાવ્યું. ૧૧૦
૧૦. વડતાલ મંદિરમાં હાર પહેરાવવા આવેલા હરિશ્ચન્દ્રભાઈને મંદિરની બહાર હાર પહેરાવવાની વાત કરી ઠાકોરજીની સંપૂર્ણ મર્યાદા જાળવવાની વાત. ૧૧૧
૧૧. આત્મનિવેદનમાં કહ્યું, 'હું ફોશીનો કટકો.' ૧૧૧
૧૨. અમૃત્ત મહોત્સવની જયંતિ પ્રસંગે સભા પછી તરત જ ભાજી તોડવાની સેવા કરતાં પ્રેમપ્રકાશ સ્વામી સાથે આત્મીય ગોઠડી કરવા લાગ્યા. ૧૧૨
૧૩. આ હાથીએથી ઉતર્યા એ જ આરામ. ૧૧૨
૧૪. 'આપણે તો સેવા કરીએ પણ શાસ્ત્રીજી મહારાજ, પ્રમુખસ્વામીનું નામ આગળ આવે એમાં બહુ રાજી.' ગોંડલ છાત્રાલયના નામકરણ વિષે યોગીજી મહારાજનો અભિપ્રાય. ૧૧૩
૧૫. 'ભૂતિયા કોઠા (ગોંડલની હદ) સુધી ગાડું મોકલો તો સારું.' અક્ષર મંદિરના મહંત યોગીજી મહારાજની કોઠારીને વિનંતી. ૧૧૩
૧૬. 'તમે પ્રાર્થના કરો અને આશીર્વાદ આપો. હું પણ પ્રાર્થના કરું.' - કોઠારી હરજીવનદાસને યોગીજી મહારાજ. ૧૧૩
૧૭. 'એમને કોઈએ કંઈ કરવાનું નથી.' દંભી સંતને ક્ષમા. ૧૧૪
૧૮. ક્રોધ અમારી દુકાનમાં જ નથી ! દુકાનમાં જે માલ ન હોય તે ક્યાંથી નીકળે ? ૧૧૫

૧૯. યોગીજી મહારાજે ડૉ. રમણભાઈનો હાથ તરછોડી દીધો. અભાવ-અવગુણમાં ન પડવાનો સિદ્ધાંત. ૧૧૫
૨૦. ઉપસંહાર ૧૧૫

**૪. મહેળાવની અલૌકિક પારાયણ**

૧. તમે અને જશભાઈ તથા નરસિંહભાઈ ફેબ્રુઆરીમાં મહેળાવ આવજો. તમારે ત્યાં પારાયણ કરીશું - યોગીજી મહારાજનો સંકલ્પ - તા.૨૨/૨/૧૯૭૧માં પ્રમુખસ્વામીએ પૂરો કરેલો સંકલ્પ. તા. ૨૩/૨એ સંત સ્વામીએ કરેલી મહત્ત્વની વાત - શ્રીજીમહારાજને સોંપેલી ધર્મધૂરા અને રઘુનાથે કરેલો ડખો. ૨૯૨
૨. સંત સ્વામીએ બોલાવેલી પ્રમુખસ્વામી મહારાજની જય. ૨૯૩
૩. કોઠારી ભક્તિપ્રિય સ્વામી અને નારાયણ ભગતે પારાયણ નિમિત્તે પ્રમુખસ્વામી મહારાજના પ્રશસ્તિ શ્લોકની કરેલી રચના. ૨૯૩
૪. 'શોભો સાધુ ગુણે...' ૨૯૪

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૬)**

**☞ નોંધ : વચનામૃત ક્રમાંક તથા સંદર્ભ ગ્રંથનું નામ ન લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

**૧. એકાંતિક ધર્મ સિદ્ધ કેવી રીતે થાય ? ('એકાંતિક ધર્મ' પુસ્તિકાના આધારે) (૨૦ થી ૨૪)**

**(૧)** એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય. પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ. માટે જેને એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે. (ગ.પ્ર. ૬૦) **(૨)** આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ, એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય. તેની જો એ જીવને ઓળખાણ થાય તો, એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. (વર. ૧૯) **(૩)** સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ, તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મ (એકાંતિક ધર્મ)નું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. (ગ.પ્ર. ૫૪) **(૪)** સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યયુક્ત ભગવાનને વિષે અનન્ય ભક્તિએ યુક્ત એવો એકાંતિક ધર્મ સામાન્ય આત્મબળવાળા પુરુષે પામવો અતિશય કઠણ છે. તે એકાંતિક ધર્મ ધારવાવાળા પુરુષ જે સમયે હોય, તે સમયે એકાંતિક ધર્મ પ્રગટ થાય છે અને એવા પુરુષ જ્યારે ન હોય ત્યારે તે અદૃશ્ય થઈ જાય છે. માટે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનના સંગથી અથવા તે ભગવાનના એકાંતિક ભક્તના સંગથી, મુમુક્ષુજન એકાંતિક ધર્મને પામે છે, એ વિના બીજે પ્રકારે કરીને ક્યારેય પણ એ એકાંતિક ધર્મને પામતા નથી. (સત્સંગીજીવન પ્ર.૪/અ. ૬/શ્લોક ૩૪) **(૫)** એકાંતિક ધર્મ સિદ્ધ કરવા માટે એકાંતિક ધર્મના ધારક સત્પુરુષને ઓળખવા પડે છે. શ્રીહરિ કહે છે કે બધા સાધુ એકસરખા છે, એવી સમજણવાળો તો વિમુખ છે.(ગ.મ. ૬૧) મોટા એકાંતિકને સામાન્ય સાધુ તુલ્ય ગણી કાઢવા એ તો એમનો દ્રોહ કર્યા બરાબર છે અને સામાન્ય સાધુને મોટા એકાંતિક તુલ્ય ગણી તેમને વળગવાથી કલ્યાણના માર્ગની સલામતી રહેતી નથી. **(૬)** તમે અંતરની આંખે ઓળખી, કરો સદ્‌ગુરુ સંતનો સંગ - નિષ્કુળાનંદ સ્વામી **(૭)** એના ઉપાય ચાર છે - એક તો પવિત્ર દેશ, બીજો રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ. તેમાં ક્રિયાનું સમર્થપણું તો થોડું છે ને દેશ, કાળ ને સંગનું કારણ વિશેષ છે. કેમ કે જો પવિત્ર દેશ હોય, પવિત્ર કાળ હોય ને તમ જેવા સંતનો સંગ હોય ત્યાં ક્રિયા રૂડી જ થાય.... (માટે) સંગ પણ પ્રભુના ભક્ત, ને પંચવર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો. તો, હરિભક્તને પરમેશ્વરની તે ભક્તિનું બળ અતિશે વૃદ્ધિ પામે. (ગ.પ્ર. ૨૯) **(૮)** તે માટે ભગવાનના એકાંતિક ભક્તનો સમાગમ કરીને, જે ભક્તને વિષે એ ચારે ગુણ અતિશય દૃઢપણે વર્તે છે તે ભક્તને સર્વ સાધન સંપૂર્ણ થયાં અને તેને જ એકાંતિક ભક્ત જાણવો. પરંતુ જે ભક્તને એ ચારે ગુણમાંથી જે ગુણની ન્યૂનતા હોય તો ભગવાનના એકાંતિક ભક્તની સેવા સમાગમે કરીને તે ન્યૂનતા ટાળવી (ગ.પ્ર. ૧૯) **(૯)** 'નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો.' - શિક્ષાપત્રી શ્લોક-૩૬ **(૧૦)** 'સાચે સંત મિલે કમી કાહુ રહી, સાચી શિખવે રામકી રીતકું જી; પરાપાર સોઈ પરબ્રહ્મ હૈ, તામેં ઠેરાવે જીવકે ચિત્તકું જી.' - બ્રહ્માનંદ સ્વામી. **(૧૧)** મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી.... અને (ભગવાનની અખંડ સ્મૃતિ રહેતી હોય છતાં) પણ જે ધર્મરહિત છે, તે તો પોતાનું જ કલ્યાણ કરે છે, પણ એનાથી બીજા જીવનું કલ્યાણ થાય નહિ. ને તે એકાંતિક ભક્ત પણ ન થાય. (જેત. ૪) **(૧૨)** શુકસનકાદિક જેવા જે મોટા પુરુષ

તેની જે સેવા અને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહ વર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે. (ગ.અં. ૫) **(૧૩)** સંગ પણ પ્રભુના ભક્ત અને પંચવર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો. તો હરિભક્તને પરમેશ્વરની જે ભક્તિ તેનું બળ અતિશય વૃદ્ધિ પામે છે. (વચ.ગ.પ્ર. ૨૮) **(૧૪)** એવા સંત રાજી થાય તેવાં કર્મો કરે તો, નરકમાં જવા જેવું પ્રારબ્ધ હોય છતાં ભૂંડાં કર્મોનો નાશ થઈ જાય છે, ને તે મુમુક્ષુ પરમપદને પામે છે. (વચ.ગ.મ. ૪૫) **(૧૫)** જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે, કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત એ સંત ઉપર રાખવું. તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (વચ.ગ.મ. ૫૯) **(૧૬)** સદ્‌ગુરુ અને સત્શાસ્ત્રને વચને કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય અને દૃઢ શ્રદ્ધાવાન હોય અને અષ્ટ પ્રકારનું જે બ્રહ્મચર્ય તેને અતિ દૃઢ પાળતો હોય ને અહિંસાધર્મને વિષે દૃઢ પ્રીતિવાન હોય અને આત્મનિષ્ઠા પણ અતિ પરિપકવ હોય, તો તેને માથેથી જન્મમરણની નિવૃત્તિ થઈ જાય છે. જેમ શાળને માથેથી ફોતરું ઊતર્યું, તે શાળ પાછી ઊગે નહિ; તેમ કહ્યાં એવે ગુણે કરીને જે યુક્ત હોય તે અનાદિ અજ્ઞાનરૂપ જે માયા તેથી છૂટે છે, ને જન્મમરણ થકી રહિત થાય છે. ને આત્મસત્તાને પામે છે. આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે અને પરમેશ્વરની કૃપા પણ એવે લક્ષણેયુક્ત હોય તે ઉપર જ થાય છે અને જ્યારે પરમેશ્વરની કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે. (સા. ૧૧) **(૧૭)** એકાંતિક એવા જે ભગવાનના જ્ઞાની ભક્ત તેનો સમાગમ કરીને જ્ઞાનની દૃઢતા કરવી, કેમ જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનની દૃઢતા વિના તો પ્રજાપતિ આદિક જે જગતના સ્ત્રષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે, ને પાછા અંતે માયાને વિષે જ લીન થાય છે. પણ પુરુષોત્તમ ભગવાનના અક્ષરધામને તો એ પામતા જ નથી. તે શા સારું, તો તેમની સમજણમાં ભૂલ છે..... (તે) એમની ભૂલ કહીએ તે સાંભળો, એક તો પોતાની મુક્તિ થવી તેને વિષે પોતાની ક્રિયાનું જ બળ સમજે છે, પણ ભગવાનના આશરાનું બળ નથી સમજતા. ને બીજું, અક્ષરરૂપ થઈને શ્રી પુરુષોત્તમ નારાયણની સેવા કરવી એ જ મુક્તિ છે, એમ નથી માનતા, એ ભૂલ છે..... તે જ્યારે ભગવાનના એકાંતિક ભક્તના સમાગમે કરીને સમ્યક્‌પ્રકારે જ્ઞાનને પામશે ત્યારે જ બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામને પામશે, ને મહાસુખિયા થશે. માટે ભગવાનના જે ભક્ત તેમને ભગવાનની સેવા વિના બીજી ઇચ્છા રાખવી નહીં. (અશ્લાલી -૧) **(૧૮)** મન સાથે લડાઈ આદરે અને જો મનને જીતે તો નિર્વિકલ્પ સ્થિતિને પામે, ને ભગવાનનો એકાંતિક ભક્ત થાય અને જો મન આગળ હારે તો પણ યોગભ્રષ્ટ થાય, તે પછી એક જન્મે અથવા ઘણે જન્મે પણ અંત્યે જાતાં તે એકાંતિક ભક્ત થાય, પણ એણે દાખડો કર્યો તે છૂટી ન પડે. માટે બુદ્ધિવાન હોય તેણે તો પોતાના કલ્યાણને અર્થે મન સાથે જરૂર વેર બાંધવું. (વર. ૧)

**૨. સ્વામિનારાયણ સંપ્રદાય શુદ્ધ સંપ્રદાય. (સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંપ્રદાયો' પુસ્તિકાના આધારે) (૩૦ થી ૩૨)**

શ્રીજીમહારાજે આચાર અને વિચાર શુદ્ધિનો સંપ્રદાય સ્થાપ્યો છે. આ સંપ્રદાયની છાપ પણ ઊજળા સંપ્રદાય તરીકેની છે. 'બ્રાહ્મનીઝમ ઍન્ડ હિંદુઈઝમ' નામના ગ્રંથમાં મોનિયર વિલિયમ્સ કહે છે : 'આ સંપ્રદાયની ખાસ નોંધ લેવા જેવી છે, કારણ કે આ સંપ્રદાય અર્વાચીન શુદ્ધ વૈષ્ણવ સંપ્રદાયનું સારામાં સારું દૃષ્ટાંત પૂરું પાડે છે.... તેના નિષ્ઠાપૂર્વકનો હેતુ વૈષ્ણવ માર્ગને શુદ્ધ કરવાનો હોઈ આ સંપ્રદાયે ખૂબ સારું કામ કર્યું હતું અને કરી રહ્યો છે.... આ સંપ્રદાયના ઉપદેશો નિઃશંકપણે વર્તણૂક, ચારિત્ર્ય અને જીવન શુદ્ધ કરનારા છે.' આ હકીકતનો ખ્યાલ સ્વામિનારાયણીય નિયમો તપાસવાથી જ આવે. દારૂ, માંસ-મદ્ય ભક્ષણ, ચોરી, વ્યભિચાર નિષેધ જેવા પંચ વર્તમાન સત્સંગીમાત્ર માટે ફરજિયાત છે. ત્યાગી સાધુ માટે નિર્માન, નિઃસ્નેહ, નિઃસ્વાદ, નિષ્કામ અને નિર્લોભ રૂપ પાંચ વર્તમાનો ફરજિયાત છે. ચારિત્ર્ય અને જીવનશુદ્ધિની સાથે સાથે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની આપનારી 'શિક્ષાપત્રી' આપી છે. એ 'શિક્ષાપત્રી'નો નિત્યપાઠ કરવો અને તે પ્રમાણે વર્તન કરવાનો આગ્રહ અન્ય સંપ્રદાયોમાં દેખાતો નથી. 'શિક્ષાપત્રી' જેવો મુક્તિ અને ભક્તિ આપનાર ગ્રંથ કોઈ સંપ્રદાયમાં જોવા નથી મળતો. દરેકનાં સામાન્ય નિયમો, નિત્યકર્મો, નૈમિત્તિક કર્મો, આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણય, સેવારીતિ, વ્યક્તિ અને સમાજનું નીતિશાસ્ત્ર, રાજા, ગૃહસ્થો, બાઈઓ-ભાઈઓ, આચાર્ય, સાધુ એ સર્વેના નિયમોની 'શિક્ષાપત્રી'માં આપેલી સ્પષ્ટ વિક્તિ બીજે ક્યાંય જોવા મળતી નથી. તેથી જ મોનિયર વિલિયમ્સે કહ્યું છે : 'તેમની શિક્ષાપત્રી અતિશય શુદ્ધ અને ઉચ્ચ પ્રકારની છે.' એટલું જ નહિ, પરંતુ ત્યાગી-સાધુઓ માટે આપેલ 'ધર્મામૃત અને 'નિષ્કામ શુદ્ધિ' જેવા ગ્રંથો તથા તેનો નિત્યપાઠ અને તે પ્રમાણે વર્તવાનો આગ્રહ, એ આ સંપ્રદાયનું જ વિશિષ્ટ તત્ત્વ છે. સંપ્રદાયની શુદ્ધ પ્રણાલી અને સત્સંગીઓના આચાર-વિચાર શુદ્ધ રહે એ હેતુથી નિત્યપ્રત્યે સત્સંગ અર્થાત્ સાધુનો સમાગમ કરવાની આજ્ઞા કરી છે. તેટલું જ નહિ પણ તેની સુવિધા

પણ પૂરી પાડી છે. સ્વામિનારાયણ મંદિરોમાં થતી પાંચ ટાણાંની કથા, એ સત્સંગને અને સંપ્રદાયને જીવંત રાખતું તત્ત્વ છે. દરેક સંપ્રદાયનું પતન સ્ત્રી અને દ્રવ્યરૂપી બે દૂષણો પેસવાથી થયું છે. આવી અશુદ્ધિ સંપ્રદાયમાં ન પેસે તે હેતુથી તેમણે સ્ત્રી-પુરુષ મર્યાદા બાંધી છે. બાઈઓ-ભાઈઓની દર્શન માટે તેમજ ઉત્સવ-સમૈયામાં અલગ વ્યવસ્થા કરી છે. સ્ત્રીઓ જ સ્ત્રીઓને ઉપદેશ કરે અને પુરુષો પુરુષોને ઉપદેશ કરે તથા એકબીજાના પ્રસંગથી સહેજે દૂર રહેવાય, તેવી રીતે સંપ્રદાયનું અને મંદિરોનું નિર્માણ કર્યું છે. એટલું જ નહિ પણ સ્ત્રી-પુરુષોને એકબીજાના પ્રસંગથી દૂર રહેવાની આજ્ઞા કરી છે.

ત્યાગી સાધુઓને સંપૂર્ણપણે દ્રવ્ય અને સ્ત્રીનો ત્યાગ કરાવ્યો છે. અગિયાર વસ્ત્ર અને પૂજા તથા ધર્મગ્રંથ સિવાય કાંઈ પણ રાખવું નહિ, તેવું ત્યાગી સાધુઓને ફરમાન છે. અષ્ટપ્રકારે સ્ત્રી પ્રસંગનો ત્યાગ તેવું અસિધારા તુલ્ય બ્રહ્મચર્ય સ્વામિનારાયણીય સંતો પાળે છે.

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિકતા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **'સ્વામીની વાતો' અદ્વિતિય ધર્મશાસ્ત્ર :** (૧) મહારાજે ગઢડાની સભામાં ગુણાતીતાનંદ સ્વામીએ પૂછેલ ચાર પ્રશ્નો - મહારાજના ઉત્તરમાં વાતો કરવાની ઉપદેશની વાતને પ્રથમ સ્થાન - તેથી સ્વામીને નિરંતર વાતો કરવાનું જ - ઉપદેશ આપવાનું કથા કરવાનું જ તાન. (૨) સ્વામીની વાતો એટલે શ્રીજીમહારાજના મહિમાની, ગુણાતીત સંતના મહિમાની - ભગવાન અને સંતનું યથાર્થ સ્વરૂપ ઓળખીને એકાંતિક ધર્મ સિદ્ધ થાય તેવી વાતો દ્વારા દૃષ્ટાંતો - પ્રસંગો. (૩) સ્વામીની વાતો એ અમૃત - અંતરમાંથી આવતી વાતો. શ્રીજીમહારાજ શ્વાસમાં રહીને જ બોલે છે તેવી પ્રતીતિ થાય - આ સ્વામીની વાતો, સ્વામીની કથા વિષે સદ્ગુરુ સંતોના અનુભવ - સદ્ગુરુ સંતોના અભિપ્રાય - વિધાનો. (૪) અન્ય પરમહંસોની વાતો એ તો શ્રીજીમહારાજનાં લીલાચરિત્રો - જ્યારે સ્વામીની વાતોમાં તો મહારાજનાં લીલાચરિત્રો - ઉપરાંત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહિમાએ સહિત ભક્તિનું નિરૂપણ. (૫) સ્વામીની વાતોની શૈલી રસાળ, ચોટદાર, પ્રશ્નોત્તર રૂપે - અંતર ભેદાઈ જાય તેવી વાતો - છતાં સમજવામાં એકદમ સરળ - અભણ મુમુક્ષુઓને પણ સમજાય તેવી ઉપદેશશૈલી ટૂંકી પણ ગહન બોધયુક્ત વાતો - સાંખ્ય વિચારની સરળ વાત એક જ વાક્યમાં - 'ઘરમાં રહેવું તે મહેમાનની પેઠે રહેવું' - માયાની - સત્સંગની શાશ્વત સુખ અને શાશ્વત શાંતિની વ્યાખ્યાઓ ખૂબ સરળતાથી સમજાવી છે. (૬) સૌથી વિશેષ તો શ્રીજીમહારાજના સર્વોપરીપણાની, ઉપાસનાની વાતો પ્રેમથી અને ક્યારેક કડક થઈને પણ સમજાવી છે. (વાતો-પ્રસંગો-દૃષ્ટાંતો) ખુલ્લેઆમ મહારાજનું સર્વોપરીપણું ગાયું છે, વર્ણવ્યું છે - અન્ય સંતો-ભક્તોની આગળ અળખા થઈને પણ મહારાજનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું છે અને અનેક મુમુક્ષુઓને અક્ષરધામના અધિકારી બનાવ્યા છે - સ્વામીની વાતો ફીરંગીની તોપ જેવી અંગ્રેજના લોઢા જેવી - અડતામાં જ અળગું કરે - સંસારની માયા છૂટી જાય તેવી - માટે જ સ્વામીની વાતો અદ્વિતીય ધર્મશાસ્ત્ર - ઉપસંહાર.

૨. **સાધનાનું કેન્દ્રબિંદુ - સત્પુરુષ :** (૧) મુમુક્ષુ અથવા સાધક જ્યારે સાધનાને માર્ગે ચાલે ત્યારે અનેક સાધનોનો આશ્રય લે છે. તપ, દાન, વ્રત, તીર્થ વગેરે. પરંતુ સાધનાના આ માર્ગે આદર્શ શ્રેષ્ઠ સાધન કયું ? દરેક સાધક પોતાની શ્રદ્ધા પ્રમાણે સાધન કરે પણ ભગવાન પાસે પહોંચવાની આદર્શ સાધના કઈ ? (૨) સાધનાનું કેન્દ્રબિંદુ કયું ? સાધનનો અંત ક્યાં આવે ? દરેક સાધનનો અંત સત્પુરુષથી - દરેક ગુરુએ, મુમુક્ષુએ સત્પુરુષ જ મુખ્ય સાધન ગણાવ્યું છે. (વિધાનો-પ્રસંગો) (૩) વચનામૃત, સ્વામીની વાતો, અન્ય અવતારો, અન્ય મહાપુરુષો દરેકે સત્પુરુષને જ સાધના માર્ગને આદર્શ સાધન કેન્દ્રબિંદુ ગણાવ્યું છે. - મોટા પુરુષના વિધાનો, શ્લોકો, સાખી, કીર્તનો આ માટે લઈ શકાય. (૪) તીર્થરૂપી સાધન સાધક કરે, તીર્થમાં ભગવાનને શોધે પણ તીર્થને તીર્થત્ત્વ આપનાર સત્પુરુષ છે. તપ, દાન, વ્રત વગેરે મોટા પુરુષની રુચિ, આજ્ઞા મુજબ થાય તો વિશેષ ફળ મળે - અનેકગણું - અનંતગણું ફળ મળે. (ઝોળી પર્વમાં સ્વામીશ્રીના આશીર્વાદમાં સ્વામીશ્રી અનંતગણા ફળના આશીર્વાદ આપે છે.) યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજનાં આ અંગેના વિધાનો-પ્રસંગો. (૫) સત્પુરુષના આશરારૂપી એક સાધન કરે અથવા દરેક સાધનના કેન્દ્રમાં સત્પુરુષની રુચિ અનુસાર સાધના થાય તો વિશેષ લાભ ફળ મળે - ઝડપથી સાધનાનો અંત આવે. (૬) માટે જ સાધનાનું કેન્દ્રબિંદુ 'સત્પુરુષ' -

૩. **આપણા પર્વોત્સવો - આપણા પ્રેરણાસ્ત્રોત :** ચાતુર્માસ ઉત્સવોનો ઉપહાર - પ્રત્યેક પર્વ એક આંતરખોજની અદ્‌ભૂત યાત્રા - દેવશયની એકાદશી : ચાર્તુમાસનો પ્રારંભ - ગોપદ્ય વ્રત ને તેનું હાર્દ - ચાર્તુમાસ પ્રવાસ નિષેધ - ગુરુપૂર્ણિમા - વેદવ્યાસનો જન્મ - વેદવ્યાસ દ્વારા એકમાંથી ચાર વેદનું નિર્માણ - ગુણાતીત ગુરુની સેવા વંદના - શ્રાવણ - નાગપંચમી પ્રત્યેક જીવ પ્રત્યે સહાનુભૂતિથી જોવાની દષ્ટિ - પવિત્રા એકાદશીનું હાર્દ - રક્ષાબંધન - ભાઈ-બહેનનાં પવિત્ર પ્રેમની ગાંઠને વધુ દઢ કરાવતો દિવસ - જન્માષ્ટમી - દેવકી-વસુદેવના પ્રભુ પ્રાગટ્યનું હાર્દ - ગણેશચતુર્થી - શ્રદ્ધા અને વિશ્વાસના દઢ પાયા પર આધ્યાત્મિક સિદ્ધિની ઈમારત - હાથીના માથાનું રહસ્ય - જળઝીલણી - વિકટ ભવસાગરમાં એક જ આધાર, એક જ આશરો ભગવાન કે સંતનો - શ્રાધ્ધ પક્ષ - ભક્તિપર્વ - નવરાત્રી- દિવાળી - દેવઉઠી એકાદશી - તુલસી વિવાહ, શાકભાજીની હાટડી વગેરે.

❑ ❑ ❑